Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : જોડાણ(કિરણ)(એમ.બી.બી.એસ.)/૩૯૯૯/૨૦૨૬ | તા. ૨૧–૦૨–૨૦૨૬

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
કિરણ મેડિકલ કોલેજ,
મુ.વડોદ, તા.ઓલપાડ, જિ.સુરત.

**વિષય :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટે એમ.બી.બી.એસ. સ્વનિર્ભર અભ્યાસક્રમના ચાલુ / ક્રમશઃ જોડાણની મંજુરી આપવા તથા જોડાણની શરતોના પરિપાલન કરી પૂર્તતાનો અહેવાલ મોકલવા અંગે.

**સંદર્ભ :** સ્થાનિક તપાસ સમિતિ તા.૦૭–૦૧–૨૦૨૬ ના અહેવાલને
(૧) એકેડેમિક કાઉન્સિલની તા.૦૫–૦૨–૨૦૨૬ ની સભાના ઠરાવ ક્રમાંક : (૧૦) થી આપેલ મંજુરી
(૨) એકઝીકયુટિવ કાઉન્સિલની તા.૧૨–૦૨–૨૦૨૬ ની સભાના ઠરાવ ક્રમાંક :(૫૩) થી આપેલ મંજુરી
(૩) બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૯–૦૨–૨૦૨૬ ની સભાના ઠરાવ ક્રમાંક :(૪૯) થી આપેલ મંજુરી

**કોલેજ ટ્રસ્ટ/મંડળનું નામ :** Samast Patidar Aarogya Trust, Vastadevi Road, Katargam , Surat - 395004

| ક્રમ | ટ્રસ્ટ/મંડળ સંચાલિત કોલેજનું નામ | જોડાણ અરજી મુજબ અભ્યાસક્રમ | Intake |
|---|---|---|---|
| 1. | કિરણ મેડિકલ કોલેજ,<br>મુ.વડોદ, તા.ઓલપાડ, જિ.સુરત. | એમ.બી.બી.એસ. | As Per NMC Permission |

**મહાશય/મહોદયા,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભથી આપશ્રીની કોલેજની શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬–૨૭ માટે ચાલુ/ક્રમશઃ જોડાણની યુનિવર્સિટીમાં કરેલ અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિની સ્થળ તપાસ બાદ યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ સમિતિનો અહેવાલ સ્ટેચ્યુટ ૨૭૬(૨) ની જોગવાઈ મુજબ ઉપરોકત સંદર્ભ ક્રમાંક (૧) થી એકેડેમિક કાઉન્સિલ દ્વારા મંજુર કરી એકઝીકયુટિવ કાઉન્સિલ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટને જાણ કરવાની કરેલ ભલામણ ધ્યાને લઈ સ્થાનિક તપાસ સમિતિની નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે સ્વનિર્ભર અભ્યાસક્રમના ચાલુ / ક્રમશઃ જોડાણની મંજુરી આપવામાં આવે છે.

**Condition:**

1. The university approval for the post of Dean is in process.
2. One (1) full-time professors in the subject of psychiatry need to be appointed at the earliest.
3. The institution will comply with all regulations set by relevant government bodies, including VNSGU, NMC and The Gujarat Public University Act 2023.

આપશ્રીને સ્ટેચ્યુટ ૨૭૬(૨) ની જોગવાઈ મુજબ, ઉપરોકત શરતોના પરિપાલન કર્યાનો પૂર્તતાનો અહેવાલ આધાર–પુરાવા સાથે રાજય સરકારશ્રીના કોજન્ટ પોર્ટલ પર ચાલુ / ક્રમશઃ જોડાણની દરખાસ્ત કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયના જોડાણ વિભાગમાં દિન–૧૫ સુધીમાં જમા કરાવવાની આથી જાણ કરવામાં આવે છે.

વધુમાં, કોલેજ દ્વારા નીચે મુજબની બાબતોની નોંધ લઈ કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬–૨૭ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ઓર્ડિનન્સ 66(2)B ની જોગવાઈ મુજબ Annual Student Development Fund (per student) ની રકમ તા.૩૦–૦૮–૨૦૨૬ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયના જોડાણ વિભાગમાં વિગતવાર માહિતી સાથે નોંધ કરાવી હિસાબી વિભાગમાં જમા કરાવવાની રહેશે. નિયત તારીખ બાદ સદર ફી જમા કરાવનાર કોલેજને પ્રતિદિન રૂા.૧,૦૦૦/– લેખે દંડ સાથે જમા કરાવવાની રહેશે.

(P.T.O.)

(૨) શૈક્ષણિક વર્ષ : ૨૦૨૭–૨૮ માટેના ચાલુ જોડાણ અંગે યુનિવર્સિટીમાં કરવાની ઓનલાઈન અરજીને પોર્ટલ પર સંભવિત જુન' ૨૦૨૬ માં કરવાની રહેશે.

(૩) યુનિવર્સિટીના પોર્ટલ પર ERP System માંથી ઓનલાઈન જોડાણ અરજીમાં College / Department Management મોડયુલ તેમજ HRMS મોડયુલમાંથી માહિતી સીધી જ આવતી હોઈ, આપશ્રીની કોલેજ દ્વારા College / Department Management મોડયુલના Masters માં Infrastructure, Laboratory, Library અને General Facility તેમજ HRMS મોડયુલમાં યુનિવર્સિટી માન્ય શિક્ષકોની માહિતીને અપડેટ રાખવાની રહેશે.

(૪) સરકારશ્રીના તા.૧૮–૦૧–૨૦૫ ના પરિપત્રાંક : ISC-7/જોડાણ/૨૦૨૫/૪૦–૭૪ થી કોજન્ટ પોર્ટલ (Affiliation Module) મારફત ફકત સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના જોડાણની પ્રક્રિયાની ઓનલાઈન કામગીરી ફરજીયાત કરવાની થાય છે. તે સંદર્ભમાં આપશ્રીની કોલેજના સદર સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે સરકારશ્રીમાંથી સૈધ્ધાંતિક મંજૂરી આવેલ ન હોય તો સરકારશ્રીના કોજન્ટ પોર્ટલ પર સૈધ્ધાંતિક જોડાણના મોડયુલમાં જે તે વર્ષમાં સૈધ્ધાંતિક મંજૂરી માટે ઓનલાઈન કાર્યવાહી કરવા તથા સરકારશ્રીમાંથી સૈધ્ધાંતિક મંજૂરી આવેલ હોય તો સરકારશ્રીના કોજન્ટ પોર્ટલ પર જે તે વર્ષના ફકત ચાલુ જોડાણના જાહેરનામા બાકી હોય તેની ચાલુ જોડાણના મોડયુલમાં ઓનલાઈન કાર્યવાહી કરવાની થાય છે. તદઅનુસાર શિક્ષણ વિભાગના જાહેરનામાની દરખાસ્ત કરવા માટે ઓનલાઈન કાર્યવાહી કરવાની જાણ કરવામાં આવે છે.

(૫) ચાલુ શૈક્ષણિક વર્ષ/ગત શૈક્ષણિક વર્ષોની ચાલુના જોડાણની જે શરતોના પરિપાલન કોલેજ દ્વારા કરવામાં ન આવ્યેથી ચાલુ જોડાણનું રાજય સરકારમાંથી જાહેરનામું જાહેર ન થાય તો જોડાણ બાબતે રાજય સરકારશ્રીના સંબધિત વિભાગ દ્વારા ભવિષ્યમાં જે નિર્ણય કરવામાં આવશે તે માટે આપશ્રીની કોલેજ બંધનકર્તા રહેશે.

(૬) The Gujarat Public Universities Uniform Statutes, 2024 ના CHAPTER XX COMMITTEES AND COUNCILS (Under Section 26 of the Act) અંતર્ગત Statutes-235 ની જોગવાઈ મુજબ સમિતિની રચના કરી કાર્યવાહી કરવાની રહેશે.

(૭) Fire કે અન્ય કોઈ દુઘર્ટનાઓ બાબતે યોગ્ય સાવચેતીના પગલા લેવાના રહેશે.

(૮) NTF સબંધિત વિદ્યાર્થી આત્મહત્યા નિવારણ બાબતે ઉપચારાત્મક પગલા લેવાના રહેશે.

કુલસચિવ

<u>બિડાણ</u> : ૧. સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ
૨. અધિકાર મંડળના ઠરાવ
૩. શરતો પરિપાલનના નમૂના

**<u>નકલ સવિનય રવાના પ્રતિ :</u>** .....જાણ તથા જરૂરી કાર્યવાહી અંગે..

(૧) ઈ.ચા.નાયબ કુલસચિવ, એકેડેમિક/પી.જી. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત
(૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત

## એકેડેમિક કાઉન્સિલની તા.૦૫–૦૨–૨૦૨૬ ની ભલામણ ક્રમાંકઃ(૧૦) નીચે મુજબ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, કિરણ મેડિકલ કોલેજ, મુ.વડોદ, તા.ઓલપાડ જી.સુરતની એમ.બી.બી.એસ. ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ જોડાણ મેળવવા માટેની શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ ની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રી દ્વારા નિયુક્ત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ ઓનલાઈન /ઓફલાઈન સ્થળ તપાસ બાદનો યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ અહેવાલમાં જણાવેલ તમામ શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટે એમ.બી.બી.એસ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ જોડાણ મંજૂર કરવામાં આવે છે અને તેની જાણ એકઝીક્યુટીવ કાઉન્સિલ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરવી.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | ડિવિઝનની સંખ્યા | સમયગાળો |
|---|---|---|---|---|
| 1. | એમ.બી.બી.એસ. (સ્વનિર્ભર) | ચાલુ/ક્રમશઃ જોડાણ | As Per NMC Permission | તા.૧૫–૬–૨૦૨૬ થી તા.૧૪–૬–૨૦૨૭ (૧ વર્ષ) |

**Condition:**

1. The university approval for the post of Dean is in process.
2. One (1) full-time professors in the subject of psychiatry need to be appointed at the earliest.
3. The institution will comply with all regulations set by relevant government bodies, including VNSGU, NMC and The Gujarat Public University Act 2023.

- એકઝીક્યુટીવ કાઉન્સિલની તા.૧૨–૦૨–૨૦૨૬ ની ભલામણ ક્રમાંકઃ(૫૩) થી સદર બાબતની નોંધ લેવામાં આવે છે.
- બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૯–૦૨–૨૦૨૬ ની ભલામણ ક્રમાંકઃ(૪૯) થી સદર બાબતની નોંધ લેવામાં આવે છે.